ડૉ. અમથારામ

લેખક :

શ્રી. અંબાલાલ નૃ. શાહ



હરિજન ઉદ્ધારક રાષ્ટ્રપિતા ગાંધીજી

પ્રકાશક :-

શ્રી રામકૃષ્ણ સેવાસમિતિ, અમદાવાદ

લોક શિક્ષણ ટ્રસ્ટ વતી

પ્રકાશકો

વિષ્ણુપ્રસાદ રતનરામ ઠાકોર

'શ્રી રામકૃષ્ણ ભુવન' ગુજરાત સોસાયટી, અમદાવાદ. ૭.

રસિકલાલ વાસુદેવ મહેતા

સાંકડીશેરી, હજીરાની પોળ, અમદાવાદ.

માનદ મંત્રીઓ. શ્રી રામકૃષ્ણ સેવાસમિતિ, અમદાવાદ.

આ પુસ્તિકા મળવાનું ઠેકાણું :—

શ્રી બિહારીલાલ પોપટલાલ શાહ

બી. એ. એલ એલ. બી.

ઠે. લાલાભાઈની પોળ, માંડવીની પોળ, અમદાવાદ.

આ પુસ્તિકા છપાવવાનું ખર્ચ શ્રી ચંદુલાલ બાપાભાઈ સતીઆ તરફથી મળ્યું છે.

લોકશિક્ષણ ટ્રસ્ટ—છઠ્ઠું પ્રકાશન

સં. ૨૦૦૫ પ્રત ૧૦૦૦ સન ૧૯૪૮

બીજી આવૃત્તિ

૦-૩-૦

મુદ્રક

ચતુરભાઈ શનાભાઈ પટેલ

શ્રી મહેન્દ્ર મુદ્રણાલય, મામાની હવેલી, શાકબજાર, અમદાવાદ.

નિવેદન

આ વાર્તાના લેખક શ્રી. અંબાલાલ નૃ. શાહે ઢાળની બીજી બાજુ બતાવી છે. ગાંધીજીએ પણ 'હરિજન બંધુ'માં હરિજનોના 'હક્ક' કરતાં 'ફરજો' ઉપર ધ્યાન દોર્યું હતું. આ વાર્તાના વાંચનથી કોઈને પણ લાભ થશે તો લેખક તેમજ પ્રકાશકની મહેનત સફળ થશે. આ પુસ્તિકા છપાવવાનું ખર્ચ શ્રી ચંદુલાલ ભીખાભાઈ સતીઆ તરફથી મળ્યું છે તે બદલ અમો તેમના ઋણી છીએ.

આ પુસ્તિકા વાંચી બીજાને વંચાવવા વિનંતિ છે.

ઠે. લાલાભાઈની પોળ
માંડવીની પોળ, અમદાવાદ
તા. ૧૬-૧૨-'૪૮

લોક શિક્ષણ ટ્રસ્ટ
અમદાવાદ

ડૉ. અમથારામ

આજે અમારી ન્યાતનો જમણવાર હતો. જમવા ɢ
ઘણું ગમતું; પરંતુ કેટલાંક વર્ષો થયાં મેં જમવા જવાનું
વાળ્યું હતું. જમવા પાછળ જતો વખત, પૂરી સ્વચ્છતા ɢ
જળવાય આવા સંજોગો, એ બધાનો વિચાર કરી મેં ɢ
જવાનું ઘણું જ ઓછું કરી નાંખ્યું હતું.

ઘણે વર્ષે ન્યાતની વાડીએ આજે ગયો, ત્યાં
પહેલી પંગત બેસી ગઈ હતી. મારા મિત્રને ત્યાં લગ્ન
તેમના એકના એક પુત્રના લગ્નનો જમણવાર હું ન માણ
ચાલે જ કેમ? સંગતલાલ શેઠનું નામ ગરીબાઈમાંથી ત
તરીકે જાણીતું હતું. સ્વાશ્રય એમનો મંત્ર હતો. ગમે તે
આગળ વધતું એ એમનો સિદ્ધાંત હતો.

હું વાડીએ પહોંચ્યો ત્યારે મેં જે દૃશ્ય જોયું તે
જોયેલા દૃશ્યથી ખાસ કોઈ જ રીતે જુદું પડતું નહે
માણસોથી ઉભરાઈ રહી હતી. બહાર મ્યુનિસિપલ રસ્તા
—સ્ત્રીઓ અને પુરુષો—રેશમી તથા જાપાની રંગબેરંગી
પંગત પાડી નીચે બેસી ગયાં હતાં. ગટરનાં કેટલાંય ઢાંકા
પવિત્ર કર્યાં હતાં. જ્યાં જમવા બેઠાં હતાં ત્યાં અને
કચરાપેટી હતી. એ કચરાપેટીમાંથી માથું ફાટી જાય
આવી રહી હતી. અને છતાં જમનારાઓને જાણે અ
કશી જ પડી ન હોય એવી અલૌકિક શાન્તિથી જમણ
લુંટાઈ રહ્યો હતો!

મારા શરીરમાં વીજળીવેગે અરેરાટીનો એક પ્રવા

ગયો. આ શું? ગંદકીની આગળ જ જમણવારની મિઠાશ શી રીતે માણી શકાતી હશે?

ખૂબ મહેનતથી અવનવાં શાક, પકવાન્ન અને ફોરમનાં દાળ-ભાત તથા ફરસાણ પીરસાયેલાં તેની જ સાથે રોગના જંતુઓવાળી હવા તેમના પેટમાં નહિ ગઈ હોય, એમ શાથી કહેવાય? આવી જગ્યા ઉપર જમવાનું તો ગમે જ કેમ? આટલું છતાં જમનારાઓ-માંથી કોઈએ આના સંબંધમાં કચવાટ કર્યો હોય એમ લાગ્યું જ નહિ.

પાટે બેઠેલા સદ્‌ગૃહસ્થો અનેક સુધારાની વાતો કરી રહ્યા હતા, પણ તેમને આમાંનો કોઈ જ ખ્યાલ નહોતો. હું તેમની સાથે વાતોમાં ભળતો હતો પણ મારું ધ્યાન તો આવી હકીકતોમાં જ વધારે રમતું હતું.

ક્વચિત કૂતરું અંદર ઘૂસી જતું ત્યારે પંગતના રખેવાળ માણસો ખખડતા અને ફરીથી અંદર ઘૂસી જવાની ચોરી આવાં કૂતરાં ન કરે તેની તો તકેદારી રાખતા.

જરાક આઘે, પણ બાજુપર ઢેડ લોકો ઊભા હતા. તેમના હાથમાં માટીનાં વાસણ હતાં અને તેઓ પંગત ક્યારે ઊઠે તેની રાહ જોઈ રહ્યા હતા. જે જમણવાર રસથી જમાઈ રહ્યો હતો તે તમામ વાનીઓ મોટે ભાગે પતરાળાંમાં એમને એમ અસ્પર્શ રહે એની એઓ આશા સેવી રહ્યા હતા.

તેમની નજર આવતી જતી જાતજાતની વાનગીઓ ઉપર ફરતી અને તેઓ અંદર અંદર તેની ચર્ચા પણ કરી લેતા. પંગત ઊઠતાં કયી કયી વસ્તુઓ ઉપર વધારે હાથ ચલાવવો તેનો તેઓ નિર્ણય કરી લેતા હતા.

ભાત પીરસાઈ રહ્યો હતો. એની મનોહર સુગંધિ અહીં ટાંપી રહેલાં ભંગીઓનાં—ગાંધીજીએ જેમને હરિજનોના નામથી હવે

ઓળખાવેલ છે તેમનાં—ટોળાંને પહોંચી ગઇ હતી. તેઓ તીડનાં ટોળાંની માફક ઉચ્છિષ્ટ ભોજન માટે ઉતાવળા થઈ રહ્યા હતા.

અને તેઓ આખરે ટૂટી પડયા. રખેવાળુ કરતા રખેવાળો તેમને અંદર ઘૂસવા દેવા તૈયાર નહોતા, છતાં તેઓ તો ઘૂસી જ ગયાં. રખેવાળોએ આ અપમાનનો બદલો તરત જ લીધો. તેમના હાથની લાકડીઓએ અને પછી ધીરે રહીને પગે તેમને ઝાટકવા માંડયાં. એક ડોશી જેવી ભંગિયણ તેની અડફટમાં આવી જતાં તમ્મર ખાઈ નીચે પડી.

હું ડાકટર હતો. લોકો માનતા કે, મારામાં દયાનો અભાવ જ હોય. હું જાતજાતની દવાઓ આપતો. રોજ કેટલાંય ઇન્જેકશનો આપતો. આ તો મારી રોજની ટેવ હતી. પેલી ભંગિયણ તમ્મર ખાઇ નીચે પડી કે તરત જ મને થયું કે તેના રામ બોલી જશે.

તેને કાંઈ જ મદદ કરવાનો હું અમલ કરૂં તે પહેલાં પંગતના રખેવાળ માણસે ડોશી ભંગિયણને જોરથી એક બીજી લાત મારી, "ઢોંગ શાની કરે છે? ચાલ, દૂર થા અહીંથી! મારે આજે માથાબોળ નહાવું પડશે તે ખબર નથી?" એવા શબ્દો વડે તેને પકડી ઊભી કરી.

ડોશીની આંખોમાં નિરાધારતા હતી. થોડાંક બાજુ પરનાં એંઠાં પતરાળાં લઈ લેવાની રખેવાળ માણસે ડોશીને લાલચ આપી જાગતી કરી અને થોડીકવારે તે ડોશી ઠેકાતી ઠેકાતી ચાલી ગઇ.

પાટ ઉપર બેઠાં બેઠાં અડધાએક કલાકમાં મેં જે અવલોકન કર્યું તે આટલું જ હતું એમ નથી, કેટલાંય આથડયાં અને પડયાં હશે; પરંતુ આ ડોશીમાં કયી શક્તિ હતી કે તે પાછી ઉભી થઇ ચાલતી થઇ શકી?

ઊજળી કોમો જરાક જરાકમાં માંદી પડતાં કેટલીયે દવાઓ કરે છે, ફરિયાદો કરે છે; જ્યારે આ કોમ એક બાજુ અપમાનિત

જીવન જીવે છે અને બીજી બાજુ પોતે નિરાધાર કે દુઃખી છે તેનો જરાયે ઉચ્ચાટ કર્યા સિવાય હરખાતી હરખાતી ચાલીજ જાય છે.

મારાથી આથી વધારે જોવાનું રહ્યું નહિ, કારણકે મને મારા મિત્ર સંગતલાલ શેઠના આગ્રહ મુજબ ખાસ તૈયાર કરેલી જમવાની વ્યવસ્થામાં ભળવાનું હતું.

થોડાક વ્યવસ્થિત પાટલાઓ ઉપર થોડાક મહેમાનો બિરાજ્યા હતા. અગરબત્તીઓથી હવા સુગન્ધિથી મઘમઘી રહી હતી. શાન્તિ હતી. જરાક કંટાળેલો હું હતો. તેને આ દૃશ્યથી શાન્તિ વળી. ઘડીભર પેલા હરિજનોની હકીકતો મારા મનમાંથી વિસારે પડવા લાગી

હું જ્યારે ઘેર ગયો ત્યારે તો આ વાતની કોઇ જ હકીકત યાદ રહી હોય એમ લાગ્યું નહિ. મનુષ્ય સ્વભાવજ આવો છે ત્યાં શું થાય? મોડી રાત્રે હું ઉંઘી ગયો.

[૨]

સવારે ઊઠયો અને ઓટલા ઉપર દાતણ કરવા બેઠો. ઓટલે બેઠાં બેઠાં પાઉડર અને પીંછીથી દાંત ઘસવા લાગ્યો ત્યાં મારી નજર કચરો કાઢતી ઢેયડી ઉપર પડી, "ઓહ! આ તો ગઇ રાતની બેભાન થયેલી પેલી ડોશી!"

ગઈ રાતની વાત પાછી ફરી તાજી બની ગઇ! જાણે ગઇ રાત્રે કાંઈજ બન્યું ન હોય તેમ તે તો કામ ઉપર હાજર થઇ ગઇ હતી. મારાથી તેને કોણ જાણે પૂછાઇજ ગયું:

"ગઇ રાતે જેને માર પડેલો તે જ તમે કે?"

"કોણ બાપા! મને કહ્યું?"

"હા, તારું નામ શું?"

"મારું નામ મંછી ! હું તો અહીં વર્ષોથી તમારું કામ કરું છું બાપા ! ન્યાતની વાડીએ જમવાનું મળશે એમ ધારી હું ત્યાં આવેલી ! આમાં નવાઈ શી છે ! આવો માર ખાઈ ખાઈને તો અમે મોટાં થતાં આવ્યાં છીએ ! મારી આવડી ઉમ્મર જ એમાં પૂરી થઈ ને બાપા !"

"પણ તમને મારવાં શા માટે જોઈએ, એજ હું સમજી શક્યો નથી !"

"અમારે તમારો એઠવાડ ખાવો અને સાથે માર પણ ખાવો: આ તો બાપા કંઈ પેઢીથી ચાલ્યા જ આવે છે. અમે એઠવાડ ખાવાનાં અને સાથે માર પણ ખાવાનાં. આ તો અમારો રોજનો નેમ છે, બાપા !"

"પણ તમને આ એઠવાડ ખાવાનો અને માર પણ ખાવાનો— આ બધું ગમે છે કેમ ?"

"એ તો એવું છે ને બાપા, કે તમે ગાંધીવાળા માણસ છો એટલે અમારી જોડે આટલીય વાત કરો છો. અમને તો ઘણુંય થાય છે કે અમે તમારી જેવા રહીએ અને ચોખ્ખું ખાઈએ; પરંતુ અમારાથી એ બને જ શી રીતે ?"

"શાથી ના બને ?"

"અમે તમારાથી હેઠ એ તો હેઠ જ ને બાપા !"

"એવું તમારે શા માટે માનવું જ જોઈએ ?"

"અમે તો ક્યાં માનીએ છીએ ? પણ અમને બીજા મનાવતા હોય ત્યાં શું થાય ? હજીય અમારાથી ભડકી આઘે ભાગનારાંનો કંઈ તોટો નથી. અમારા પૈસા ખપે, પણ અમે તો નહિજ. પહેલાં તો અમે જે રસ્તે આવતાં તે રસ્તે પાણી છંટાય પછી જ આ ધરમીઓ પગ મૂકતાં. હવે ફેર પડયો છે."

" તે તમે ચોખ્ખાં રહો તો તમને કોઇ જ ઢેડ નહિ કહે અને અડકવામાં હરકત નહિ જુએ ? "

" તમે માનો છો તેવું નથી. અમારાં છોકરાં તો હવે અમારાથી આગળ વધી ગયાં છે. તેઓ ચોખ્ખાં કપડાં પહેરીને હોટેલમાં જાય છે અને તમારા જ્ઞાઓની સાથે બેસે છે. પરંતુ ત્યાં હોટલમાં જ. તેમને ખબર નથી હોતી કે અમો ઢેડ છીએ. કોઈ ઢેડ છે કે બ્રાહ્મણ વાણિયા છે, એ કપાળે કંઈ ઓછું લખેલું હોય છે ! "

એટલામાં મારો પૌત્ર મારીજ પાસે ઝાડે બેસી ગયો. તેની બાએ આવી તેને લઈ લીધો અને સ્વચ્છ કરવા માંડ્યો. થોડીક વારે એ જગા પણ સ્વચ્છ કરવામાં આવી.

મને વિચાર થયો કે, ગંદકી સાફ કરનાર જેમ મારા પાત્રની માતા તેટલો સમય અસ્પૃશ્ય ગણાય તેવીજ રીતે આ હરિજનો પણ ગંદકી સાફ કરે તેટલો સમય અસ્પૃશ્ય ભલે લેખાય અને એમાં કાંઈ ખોટું નથી: પરંતુ તેટલા માટે કાયમ તેમને અસ્પૃશ્ય ગણવાં, એમાં કયો ન્યાય રહેલો છે ?

જે કોમ આપણી ગંદકી દૂર કરી આપણી કિંમતી સેવા કરે છે તેને આવો નીચ તિરસ્કાર કેમ આપી શકાય ? મારી આ વિચાર-માળાને વેગ મળે એવી રીતે મંછીએ કહ્યું:

" બાપા, મારો દીકરો ભણે છે અને સાથે અમારી કોમમાં બધાને એઠવાડ નહિ ખાવાની સમજણ આપે છે. "

મેં મંછી ડોશીને તેના દીકરા સંબંધી ઘણી વાતો પૂછી જોઇ. તે સેંટ ઝેવિયર્સ હાઇસ્કૂલમાં મેટ્રિકના વર્ગમાં ભણતો હતો. તે છોકરાનું નામ અમથારામ બાપાલાલ હતું. તેનું ખર્ચ ભણવા માટે ખાસ કશુ જ આવતું નહોતું. નિશાળમાં ફ્રી લેવાતી નહોતી. ચોપડીઓ મળી રહેતી હતી અને તે ઉપરાંત અમથાલાલ સ્કૂલમાં પરચુરણ કામ કરતો તેથી આવક પણ થતી હતી.

અમથારામને બદલે 'જેરોમ' નામ પાડવાની ગોઠવણ પણ થઈ હતી; પરંતુ મંછી ડોશીએ વાંધો લેવાથી એ વાત પડતી મૂકાઈ. અમથારામે જેરોમ થઈ ખ્રિસ્તી બનવાના ઘણા લાભ છે એમ તેની માતાને ઘણું સમજાવ્યું હતું; પરંતુ મંછી ડોશી તો જૂનવાણીજ રહી અને ઉજળિયાત કોમ વચ્ચે મિજાજથી રહેવાનો મળનારો લાભ જતો કર્યો.

અમથારામ તો આજે પણ માને છે કે, તે મેટ્રિક પાસ થઈ આગળ જશે અને જે ઉજળિયાત કોમ, તેમનો તિરસ્કાર કરે છે તેમને બરાબર રીતે બતાવી આપશે કે તેઓ તેને ત્યાં પગ ઘસડતા આવશે.

એક કોમ બીજી કોમને જ્યારે તિરસ્કારે છે ત્યારે આવું જ બને છે. ત્યાર બાદ આ મંછી ડોશી રોજ તેની કોમની કોઈ ને કોઈ વાત લાવતી અને હું પણ તેની વાતોને ઉત્તેજન આપતો. આ ઉત્તેજનને કારણે હું તેમની કોમ વિષે ધીરે ધીરે ઘણી વાતો જાણી પણ શક્યો.

[૩]

દવાખાને ભારે ભીડ હતી એ વખતે કેટલાક પોલીસો સાથે સ્ટ્રેચરમાં એક નવજુવાનને ઉપાડી અંદર આણવામાં આવ્યો. શું છે તે હું તરત જોઇ શક્યો. મારાજ દવાખાના આગળ એક અકસ્માત થયો હતો. એક સાયક્લિસ્ટ એક મોટરકાર સાથે અથડાઇ પડ્યો હતો. પરિણામે સાયકલ ઉપર જનાર આ નવજુવાનને ઇજા થવા પામી હતી.

શ્રીમંત શેઠાણી દર્શન કરવા નીકળ્યાં હતાં. આજનો દિવસ રામનવમીનો હતો. દર્શન બંધ થાય તે પહેલાં શેઠાણીએ પહોંચવું જોઇએ; એટલે ડ્રાઇવરને શેઠાણીએ ઝડપથી મોટર હાંકવા હુકમ કર્યો.

પરિણામ એ થયું કે ડાબી બાજુએ જતા સાયકલિસ્ટને આ મોટરે હડફટમાં લીધો. ભૂલ મોટર ડ્રાઈવરની હતી.

સારવાર તરત કરવામાં આવી અને શેઠાણી તો હજીય મંદિરમાં દર્શન કરવા ઉતાવળાં હતાં; એટલે તેમણે મારી પાસે આવી સો રૂપિયા નવજુવાનને આપવાના કરી ઉપડ્યાં. પોલીસો તો ક્યારનાય તેમના બની ગયા હતા.

ઈજા ભારે નહોતી થઈ. મેં તેને તેનું નામ પૂછયું. તેનું નામ અમથાલાલ બાપાલાલ હતું. તેજ મંછીનો હરિજન દીકરો. તેનીજ સારવાર મારે કરવાની હતી.

નિરાંતે પછી મેં તેને બધી હકીકત પૂછી અને શેઠાણીએ આપેલા સો રૂપિયા આપ્યા. તે લેવા ના પાડતો હતો; પરંતુ તેને સમજાવ્યો કે તેના અભ્યાસમાં તેને તે રકમ ઠીક ઠીક ઉપયોગી થઈ પડશે.

દવાખાનું બંધ કરવાનો સમય પૂરો થયો હતો. ઘેર જવું હતું. બહાર નીકળતાંજ મેં તેને કહ્યું કે, "ઘેર જવું છે ને? મારી મોટર તમને ઘેર મૂકી આવશે."

"જરૂર નથી. હું ભાડાની ગાડીમાં ઘેર જઇશ. તમે ક્યાં અમારા ઢેડવાડામાં આવશો?"

"મારે પણ તમારો ઢેડવાડો જોવો છે. ચાલો, અંદર આવી જાઓ."

મોટરમાં બેઠા પછી તેણે ઘણી વાતો કરી. એમાંની એક વાત નીચે પ્રમાણે હતી:

"તમે એમ કહો છો કે, મારે બ્રાહ્મણીઆઓના મંદિરોમાં જવાનો શા માટે આગ્રહ રાખવો? એનું પણ કારણ છે. હું પાંચ સાત વર્ષનો હોઇશ. મારી માતા મને લઈ ધૂનમાં ને ધૂનમાં ગામના

મંદિરની સન્મુખ આવી ઊભી. પેટ ભરીને દર્શન કરવા તે આતુર હતી; પરંતુ આવા જતા લોકો અમને હડધૂત કરવા લાગ્યા. આઘે પણ ઊભા નહિ રહેવા દેતાં જે તે અમને કાંકરીઓ મારી હેરાન કરવા લાગ્યા.

"મને ત્યારે તો નહોતું સમજાતું. મંદિરોમાં જ ભગવાન પુરાઈ રહ્યા છે, એમ હું નથી માનતો. ઈશ્વર સર્વત્ર છે. પરંતુ મને ત્યારથી થઇ રહ્યું છે કે, ઉચ્ચ વર્ણમાં આટલો બધો અહંભાવ શો? ભગવાન સૌને માટે સરખા છે. અમને દર્શન કરવા દેવા તેઓ શા માટે આડે આવે?

"અને પછી હું મોટો થયો, સમજણો થયો અને હાઈસ્કૂલમાં અભ્યાસ કરવા લાગ્યો ત્યારથી મારી વૃત્તિઓ જોર કરવા લાગી કે, હું શા માટે એ નકારવામાં આવેલા મંદિરમાં ન જઈ શકું? હોટેલોમાં તો અમે જઇએ જ છીએ. અને નવાઈ પામશો કે મંદિ- રોમાં પણ સવર્ણ જેવાં કપડાં પહેરી હું અનેક વખત જઈ આવ્યો છું.

પરંતુ મને હવે તેનો મોહ રહ્યો નથી. ખ્રિસ્તી દેવળોમાં હું જોઉં છું કે, આવો કોઈ જ ભેદભાવ નથી. અમારા જેવાને તેઓ સ્પર્શે છે અને સાથે બેસી ભણાવે પણ છે. અને મને ખાતરી છે કે, જેઓ આજે અમારો તિરસ્કાર કરે છે, તેઓ હું તમારા જેવો ડોક્ટર થાઉં કે સુવર્ણપતિ થાઉં તો તરતજ મારી પાસે દોડી આવનાર છે! વળી સરકારી અમલદાર થાઉં તો પૂછવું જ શું?

જો આવી સ્થિતિ છે તો અમારે એ સ્થિતિનો લાભ શા માટે ન લેવો? અમે મુસલમાન થઇએ કે ખ્રિસ્તી થઇએ, એ હિંદુ જાતિને પસંદ હોય તો એ રસ્તે જવામાં હરકત શી? અસ્પૃશ્ય રહી તિરસ્કાર પામવા કરતાં બ્રાહ્મણ વાણિયા નમતાં આવે એવા થવામાં શા માટે અમો પાછી પાની કરીએ?"

વાત તો સાચી જ હતી. આપણે ઢેડવાડાને અસ્પૃશ્ય રાખી આપણેજ અસ્પૃશ્ય બન્યા છીએ. ધર્મ કદી સંકુચિત નથી. ધર્મ વિશાળ છે. ધર્મના સંકુચિત વાડા જ્યારથી થયા ત્યારથી આપણા પતનનો પ્રારંભ શરૂ થયો છે.

આમ વાતમાં ને વાતમાં અમે ઘણો રસ્તો વટાવી લીધો. ઢેડવાડો આવી પહોંચતાં અમારી મોટર અટકી.

અમથારામ મારી આગળ ચાલ્યો. તુલસીના છોડ ઠેર ઠેર રોપવામાં આવ્યા હતા. એક નાનું શું મંદિર હતું. તે ધર્મસ્થાપક હશે, એમ તરત લાગી આવતું હતું. છેવટે અમે એક નાનાશા ઝુંપડા આગળ આવી પહોંચ્યા.

ઢેડવાડો છતાં આટલો સુઘડ અને ચોખ્ખો? એટલાં ચોખ્ખાં આંગણાં તો ઉચ્ચ વર્ણનાં પણ નથી હોતાં. સ્વચ્છતાનો આવો અનોખો નમૂનો જોઈ મને આનંદ થયો. મારી ધારણા હતી કે, ઢેડવાડામાં પાર વિનાની દુર્ગન્ધ હશે! પણ અહીં તો એટલી ચોખ્ખાઈ હતી કે ગમે!

મંછીડોશી મને ત્યાં આવેલો જોઈ નવાઈ પામી. અને એથીય વિશેષ નવાઈ તો તેને તેના અમથારામને વાગેલું જોઈ થઈ! કેટલીક પ્રાથમિક વાતચીત કરી લીધા પછી હું ત્યાંથી પાછો વળ્યો.

મોટરમાં રસ્તે મને આના જ વિચારો આવ્યા કર્યા. અસ્પૃશ્ય ગણાતી હિંદુ કોમ વિષે આપણે કશું જ જાણતા નથી. આપણે આટલા બધા બેપરવા બની જીવી શકીએ ખરા? હિંદુસ્તાનમાં મુસ્લિમ વસતિ હતી ખરી? વસતિ થઇ પછી આટલી બધી શી રીતે? હરિજનો, મુસ્લિમ કે ખ્રિસ્તી થવા માટે વાંક કોનો? હિંદુઓના આટઆટલા અન્યાય અને તિરસ્કારનું આ સિવાય બીજું શું પરિણામ હોઈ શકે?

ત્યાર બાદ મંછાડોશીને જોઉં અને મને અમથારામ યાદ આવતો તથા અમથારામને જોતો કે તરત મને મંછા યાદ આવતી. એક ડૉક્ટરના જીવનમાં ઘણા પ્રસંગો આવે છે અને જાય છે. અને એ બધા યાદ રહી જવા કંઈ સર્જાયા નથી હોતા. આટલું છતાં ઘણાય પ્રસંગો સંસ્મરણીય બની રહે એવા હતા તે સંસ્મરણીય ન બનતાં આ પ્રસંગો જીવનમાં શાથી જણાતા જતા હતા એ પ્રથમ તો મનેય ન સમજાયું. ગમે તેમ પણ અજાણપણે હું અમથારામના જીવનનો રખેવાળ બન્યે જતો હતો.

વખતે અમથારામ પણ આવતો અને મારી સલાહ લેતો. તે વખત જતાં મેટ્રિક થઈ ગયો હતો અને હિંદુઓ તરફ તેનો તિરસ્કાર અપ્રકટપણે ઉમેરાયા જતો હતો. તેની લાગણીઓ એટલીજ હતી કે, શા માટે અસ્પૃશ્ય ગણાઈ રહ્યો હતો? જન્મને કારણે કોઈ મનુષ્ય અસ્પૃશ્ય શી રીતે? કર્મ ઉપરથી માણસની કિંમત થવાને બદલે જન્મ ઉપરથી જ માણસને નાનોમોટો ગણવામાં આવતો, એ એનાથી સહ્યું જતું નહિ.

અને આમ તે ઈન્ટર સાયન્સ પાસ કરીને મારા જ આશ્ચર્યને ચોંકાવતો એમ. બી. બી. એસ. માં ગયો. તેનામાં શક્તિ હતી, ઉત્સાહ હતો અને એ બધાની પાછળ એક ચોક્કસ નેમ હતી. ઈશ્વરનાં સૌ બાળકો સમાન છતાં આટલી અસમાનતા એમની વચ્ચે કેમ? આવું બળતું હૈયું તેને શાનો ઝંપવા દે?

તે ખ્રિસ્તી ધર્મને ચાહતો હતો—તેનો તે અનુયાયી નહોતો. છતાં તે ખ્રિસ્તી ધર્મની કોઈ પણ વ્યક્તિને જે સ્નેહથી ઓળખતો તેવી ઓળખાણ તો તેણે કોઈની જોડે રાખીજ નહોતી. તેના જીવનમાં જે ઝંઝાવાત જન્મ્યો હતો. તે એકજ હતો અને તે પોતે અસ્પૃશ્ય

કેમ ? તે તેને અસ્પૃશ્ય કહી પોકારનાર દરેક માનવને દુશ્મનની નજરે જોવા લાગ્યો હતો.

એટલામાં તેણે બાયબલનો અભ્યાસ કર્યો. 'તું તારી જાતને ઓળખ' કેવી રીતે જાતને ઓળખવી, એ એને માટે મોટો પ્રશ્ન થઈ પડયો. દરમિયાન એમ. બી. બી. એસનાં પાંચ વર્ષ પૂરાં કરી ડૉકટર થયો. તેને આનંદ થયો. ખૂબ આનંદ થયો.

શરૂઆતમાં તેણે મિશનરી હૉસ્પિટલમાં તેની સેવાઓ આપવા માંડી. તેને જે સંસ્થાએ મદદ કરી હતી તેને તે શી રીતે ભૂલી શકે ? તેને તેણે પોતાની સેવાઓ આપવીજ રહી. તે તેની ફરજ હતી.

તેની માતાના હર્ષનો તો પાર જ નહોતો. એનો આનંદ તેના પોતાના પુત્રને ડૉકટર રૂપે જોઈ માતો જ નહિ. પરંતુ તેના જીવનનાં વર્ષો પૂરાં થઈ રહ્યાં હતાં. ડૉકટર–પુત્ર તેની પોતાની માતાને પણ બચાવી શકયો નહિ.

અનેક દરદીઓ દવાખાને આવતા. તેમની હેતભરી સારવાર કરવી એ મિશન હૉસ્પિટલનું દષ્ટિબિન્દુ હતું. પગાર પૂરતો મળતો અને ઘડીનીયે ચોરી કર્યા સિવાય તે ઉમંગથી પોતાની સેવા આપતો હતો. અમથારામ હવે ડૉ. અમથારામ બન્યા હતા અને કેટલાકે તેને એલ્વિનના નામે ઓળખાવા સૂચના કરી છતાં તે તો અમથારામ રહેવામાં જ મક્કમ રહ્યો.

ધીરે ધીરે ડૉ. અમથારામ ચીવટ અને સતત પરિશ્રમથી હોશિયાર ગણાવા લાગ્યો અને દરદીઓમાં તેના કામની વાતો થવા લાગી. અમથારામને તેની પ્રશંસા થાય તે ગમતું હતું. આ તેની ખાસ આશા હતી અને તે તરતમાં જ સિદ્ધ થયેલી જોઈ રાજી રાજી થઈ ગયો.

અમથારામે હવે જોયું કે તે અસ્પૃશ્ય રહ્યો નહોતો. તેનો ભૂતકાળ કોઈનેય યાદ રાખવાની જરૂર જણાઈ નહિ. સૌ કોઈ તેને તેના

કામથી જ ઓળખવા લાગ્યા. શી નાતે કે શી જ્ઞાતિએ ડૉક્ટર છે તે જાણવાની કોઈનેય જરૂર જણાઈ નહિ. સૌને પોતાનો રોગ દફનાય તેની જ ચિન્તા હતી.

ધનિક, ઉચ્ચ, ધાર્મિક અને ભક્તજનો પણ અમથારામની સારવાર લેવા ઉત્કણ્ઠિત થઈ રહેતા. કામ કરવા પાછળ જે રસ ડૉ. અમથારામ લઈ રહ્યા હતા તે રસ કંઈ નાનોસૂનો કે મામૂલી નહોતો. તેમના શબ્દોમાં, આશ્વાસનમાં અને કાર્યશકિતમાં દરદીઓ એટલી શ્રદ્ધા ધરાવતાં કે, સૌ કોઈ એમની સારવાર મળતાં નિરાંત અનુભવતાં.

અનુભવથી ધીરે ધીરે ડૉ. અમથારામ જનતામાં ખ્યાતિ મેળવ્યે જતા હતા, છતાં તેની એક આશા-હિંદુઓનો અસ્પૃશ્ય પ્રત્યેનો તિરસ્કાર હતો તે સંબંધી જીવંત હતી.

[૫]

તેને કામમાંથી ફુરસદ મળતી નહોતી. હવે તો તે તેના કામમાં એટલો મશગુલ રહેતો કે તેને બીજા વિચારો કરવાનો અવકાશ જ રહેતો નહિ. ઑપરેશન, દરદીઓની તપાસ, તેમની સાથે વિવિધ વાતચિત, સ્ત્રી હો કે પુરુષ, ધનિક કે ગરીબ સૌની સાથે એકસરખી પ્રિય અને સાચી વાત કરવાની ટેવથી તે દવાખાનાના દરેક દરદી પાસે ફરી વળતો હતો.

સવારનો સમય હતો. કેટલાક દરદીઓને ઇન્જેકશનો આપવાનાં હતાં. નવા દરદીઓ ધીરેધીરે આવવા લાગ્યા હતા. રાત્રે પરાણે પાંચ કલાકની ઊંઘ મળતી હતી; છતાં ડાકટરની સેવા ઘણું કામ કરી શકે છે, એ મંત્રની પાછળ તેને થાક જરાયે લાગતો નહિ.

આવા સંજોગોમાં પરણવાનો પ્રશ્ન તો તેને ક્યાંથી જ પીડે. એના જીવનમાં પ્રેમ સભર ભર્યો હતો. એ પ્રેમ અસામાન્ય પ્રેમ હતો. જાતી પ્રેમ વાત્સલ્યપ્રેમમાં રૂપાન્તર પામ્યો હતો. સૌ તરફ બાળકોના

જેવો પ્રેમ એક ધારાએ તેના હૃદયમાં નિશદિન વહી રહ્યો હતો. તેથી જ તેને શાંતિ મળતી હતી. એથી તેને જે આનંદ થતો તે અદ્વિતીય લાગતો હતો. સેવા એ તેના જીવનની એક મહદીચ્છા બની જઈ રહી હતી.

કાર્યની આ સેવાની ધૂનમાં તે એક સવારે જઈ રહ્યો હતો. એક ખાદીધારી યુવક દવાખાનાની સામે એક ઘર આગળ એક મેલી બાઇને માથે કચરાનો ટોપલો ચડાવી રહ્યો હતો. આથી તેની જ પાછળ આવતી તેની મા છંછેડાઇ પડી અને તેના કેટલાક શબ્દો સાંભળી તેને તેનો ભૂલાયેલો ભૂતકાળ અત્રુ સમીપ ખડો થઇ ગયો.

યુવક તેની માતાને સમજાવનો અંદર જ આવી રહ્યો હતો.

"બા, એ ઢેડ છે તેથી શું? આપણે જો એકબીજાના ઉપયોગમાં ન આવી શકીએ તો પછી આપણું જીવવું જ શું કામનું? તને હું મદદ કરતો નથી?"

"મારી વાત તેની જોડે તું શું સરખાવી શકે છે? હું વૈષ્ણવ અને તે ઢેડ! એ બંને વચ્ચે સરખામણી કેવી? યુવકની માતાએ કારણ આપ્યું.

"એ ખરું, પણ સાથે તું કેમ ભૂલી ગઇ કે, એ ઢેડ પણ વૈષ્ણવ છે?"

"એવી ગાંડી ગાંડી વાત ના કર. તું ભણ્યો એટલે જ બગડ્યો છે. આપણે ક્યાં ને એ ક્યાં? આપણે ઉચ્ચ વર્ણના અને એ નીચ વર્ણના."

"એ તો આપણે કહીએ છીએ ને? એ નીચ વર્ણના છે એ આપણે કહ્યું અને એથી નુકશાન આપણને જ થાય છે, બા! ઇશ્વરે તો આવી જાતો સર્જી જ નથી. માણસોએ તેમના સ્વાર્થ સાધવા આ તો રસ્તાઓ શોધ્યા છે."

"તો તું તો કહીશ કે, એઓ મંદિરમાં પણ શા માટે ન આવે?"

"બા, એ તેં બરાબર કહ્યું. પ્રભુના મંદિરમાં પણ આપણે આવા ભેદભાવ રાખીશું તો પ્રભુ આપણા ઉપર શી રીતે રાજી રહેશે ?"

"ઢેડ મંદિરમાં આવે તો પ્રભુ અભડાય નહિ ?"

"પ્રભુ તો કદી અભડાયા છે ખરા ? પ્રભુ પોતાના જ સંતાનથી અભડાય એ કેવી ગાંડી વાત !"

"તું તો બહુ મોટો પંડિત થઇ ગયો, રાખ હવે, જો આપણે ડૅાકટરને પહેલાં મળી લઇએ ?"

"પણ ડૅાકટર તો બરાબર નવ વાગે અહીં આવશે ને ?"

"હા, ચાલો આપણે સામેના બાંકડા ઉપર બેસીએ."

આ બધો સમય ડૅા. અમથારામ તેમની વાતચીતને સાંભળી રહ્યા હતા. તેમને તેમની વાતમાંથી નવું જ્ઞાન થતું હતું. અસ્પૃશ્યો કે હરિજનો તરીકે ઢેડ હંમેશાં રહેશે એવું નથી. તેમના માટે લાગણી ધરાવનારા ઉચ્ચ વર્ણના હિંદુઓની સંખ્યા નાની નથી, પણ તે માટે એક અજબ ક્રાન્તિ કામ કરી રહેલી છે તેનો તેને નવો અનુ-ભવ થયો. તેથી તેને આનંદ પણ થયો.

તે જરાક થોભ્યો અને પેલા યુવક અને તેની માતા પાસે તે ગયા.

"કોનું કામ છે તમને ?"

"મારે ડાકટર સાહેબનું કામ છે." યુવકે જવાબ આપ્યો.

"કયા ડાકટરનું કામ છે ?"

"ડો. અમથારામનું"

"શું કામ છે ?"

"માફ કરજો. આપ કોણ છો ?"

"તમને જે ડૅાકટરનું કામ છે તે જ હું છું. તમે નવાસવા લાગો છો."

"જી હા, આપનું નામ એક નિષ્ણાત ડાકટર તરીકે જાણીતું છે એટલે અમે અહીં આવ્યાં છીએ." યુવકે નમ્રતાપૂર્વક જણાવ્યું.

"આપનું નામ હું જાણી શકું છું?"

"મારું નામ અરવિંદ છે અને આ મારી માતા રાધા છે."

"તમારી માતાની દવા માટે આવ્યા લાગો છો; નહિ?"

"જી."

"તમો શી જ્ઞાતિએ છો?" આટલી ઉતાવળમાં પણ જ્ઞાતિ સંબંધી પ્રશ્ન પૂછ્યા સિવાય રહી શકાયું નહિ.

"અમે બ્રાહ્મણ છીએ."

"કંઇ હરકત નહિ. આપ બંને અંદર બેસો અને હું તરતમાં જ આવી પહોંચું છું."

બનતી ત્વરાએ ડૉ. અમથારામે પોતાનું કામ પતાવી દીધું. આજે તેને કામમાં નવો ઉત્સાહ આવેલો જણાતો હતો. ઘણા દિવસો થયાં જે વિચારો અદશ્ય થયા હતા તે અત્યારે જોર પર આવ્યા હતા. ઉચ્ચ અને નીચના વર્ગોની ભેદી દિવાલો સંઘરનાર પુત્ર અને માતાનો સંવાદ તેણે સાંભળ્યો હતો.

[૬]

ડૉ. એમથારામ પાછા વળ્યા ત્યારે હું ત્યાં જ હતો, મને તેમણે ઉપર બનેલી વાત કરી અને મને તેમણે મૌનપણે બધું સાંભળવા વિનંતી કરી. હું કબૂલ થયો.

ડૉકટરે પાછા આવતાં જ કામો ઝડપથી ઉકેલી નાખ્યાં અને શ્રીમતી રાધાનો કેસ હાથ ધર્યો:

"બોલો રાધાબ્હેન, તમારા દરદની વાત કરો."

"મારી માતાના દરદની વાત હું તમને પ્રથમ સમજાવું..."

એમ શરૂઆતમાં જ અરવિંદે કહ્યું એટલે તેને થોભાવી ડૉક્ટરે બીજો સવાલ કર્યો:

"તમારી માતાનું દરદ તમે કહો તેના કરતાં તેઓ, પોતે કહે, એ વધારે સારું. છતાં તમારી જેવી મરજી. દરદ મનનું છે કે શરીરનું?"

"એટલે?" રાધાએ અજાયબ થઈ પૂછ્યું.

"એવું છે કે, જો દરદ મનનું હોય તો તરત મટતું નથી. એટલે જ મારે આવો સવાલ કરવો પડે છે. ખોટું ન લગાડતાં, હોં! તમે રહ્યાં બ્રાહ્મણ ઉચ્ચ હિન્દુ કુટુંબનાં અને હું રહ્યો ઢેડ!"

"આવું શું બોલો છો, ડાક્ટર સાહેબ! તમારું કામ ગમે તેવું હોય છતાં તમે કેટલા જીવોને બચાવો છો?"

"અને સૂંડલાવાળી ઢેયડી રસ્તો સાફ કરી તમને ગંદકીથી દૂર રાખે છે તથા રોગના જંતુઓ ઉપાડી જાય છે તેના ઓછા ઉપકારો છે એમ તમારું કહેવું છે?"

"શુ તમે અમારી વાત સાંભળી છે?"

"મેં સાંભળી હોય તેથી શું? જે વાત સાચી છે તે હંમેશાં સાચી જ રહેવાની છે.

"પણ તેથી તમને શું, ડાક્ટર સાહેબ?"

"કારણ કે હું ઢેડ છું!"

"તમને ઢેડ કોણ કહે?

"મને ઢેડ કોઇ કહે કે ન કહે, પણ હું તો ઢેડ જ છું!"

"મ. ગાંધીજીની જેમ તમને પણ ઢેડ થવાનો ઉમંગ હોય એમ લાગે છે, નહિ?" યુવકે આ વખતે નહિ રહેવાયાથી કહી દીધું.

"મ. ગાંધીજી તો જન્મથી ઉચ્ચ છે અને છતાં હરિજનોના

હરિજન બન્યા છે, પણ હું તો એ જ કોમમાં જન્મ્યો છું, ઉછર્યો છું અને ભણ્યો છું તેથી ઉચ્ચ જેવો લાગું છું. સાચી રીતે તો હું જે છું તે જ મેં કહ્યું છે."

"તો તમે અસ્પૃશ્ય—હરિજન છો?" યુવકની માતા રાધાએ નવાઇ પામી કહ્યું.

"હા, હું તે જ છું. હવે તો તમે મારી પાસેથી દવા નહિ જ લો; ખરું ને?"

"તમે તમારી જાતે એટલા ઊંચા બન્યા છો કે, તમે હવે હરિજન રહ્યા જ નથી. તમે ઉચ્ચ કોમના બન્યા છો."

"હું ઉચ્ચ કોમનો શી રીતે બની શકું? તમે હમણાં જ કહ્યું કે, જન્મથી જ પડેલા ઊંચનીચના ભેદો મીટાવી શકાય એમ છે જ નહિ."

"પણ તમારા દાખલાથી લાગે છે કે, તે શક્ય છે. તમારી વિદ્યા, સંસ્કારિતા વગેરે એવાં છે કે તમે સાચેસાચું કબૂલો તોપણ તમારી વાત ભાગ્યે જ કોઇ માને?"

"માને યા ન માને તોપણ વાત તો હું કહું છું તે જ છે. હું હરિજન છું અને મેં હરિજનોને થતા અન્યાયો સાંખ્યા છે. આ ધંધામાં પ્રવેશ્યો ત્યાં સુધી એ બધું મને યાદ હતું. આ ભૂલાયેલી વાત આજે તમે મને યાદ કરી છે. મને લાગે છે કે, સમય તેનુ કામ હવે સંભાળવા લાગ્યો છે."

"ડાકટર સાહેબ, મને માફ કરશો. તમે અત્યારે જે માનવોની સેવા કરો છો તેમાં હરિજનો કે અસ્પૃશ્યો કેટલા છે? તમને એવો કદી વિચાર આવ્યો છે ખરો કે, હું હરિજનોની જ સેવા કરું? તમે પોતે હરિજન છો અને સેવા તો અ–હરિજનોની કરો છો. અને અમે ગાંધીવાદીઓ હરિજન પ્રવૃત્તિમાં પડયા છીએ. અમે હરિજનોની

સાથે વસવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. અમે હરિજનોનાં સુખદુઃખ જાણી શકીએ તે માટે તેમની વસતિ જ્યાં છે તેવાં ગામડાંમાં દોડી જવા માગીએ છીએ. અમે તેમને અમારા જેવા બનાવવા ચાહીએ છીએ.

"પણ તમે હરિજન છતાં હરિજનથી ઘણા જ દૂર રહ્યા છો. હરિજનો પોતે પણ તમારાથી દૂર ભાગી તમે તેમનાથી જુદા હો એવી રીતે રહેશે–રહેવા માગશે. ડાક્ટર સાહેબ, હું તો નાનો છું. આપ ખૂબ જ્ઞાની છો, પણ અન્યાયની આગથી ઝળેલો માણસ જે નહિ કરી શકે તે સમભાવથી ઘણું કરી શકે છે." અરવિંદે એક સામટું કહેવાનું બધું કહી નાંખ્યું.

ડૉ. અમથારામને એક નાનશા યુવક પાસેથી નવું શીખવાનું મળતું હતું. તે મારી સામે ઘડીભર જોઈ રહ્યા. તે આંખમાં શું હતું તે હું સમજી શક્યો. મેં કહ્યું :

"ભાઈ, તમે ડાક્ટરને અને મને બંનેને નવો માર્ગ બતાવ્યો છે. આપણે એક બીજાની ભૂલો કાઢીને કે લડીને કંઈ જ મેળવી શકીશું નહિ. જેને કંઇયે કરવું છે તે સામા પક્ષની ભૂલો નહિ કાઢે. તે તો કામે જ લાગી જશે.

"હું પણ ડૉક્ટરને એ જ રસ્તે જવા સૂચના કરું છું. જ્યાં જ્યાં ગામડાં છે ત્યાં ત્યાં તેમના જેવા ડાક્ટરોની ઘણી જરૂર છે. હરિજન કે અ–હરિજનનો ખ્યાલ રાખ્યા સિવાય જેને જરૂર હોય તેને સહાય આપી અનેકના સાચા આશીર્વાદો જ મેળવવાથી, ઊભી કરેલી ભેદ દિવાલોનો અંત લાવી શકશે."

મારા શબ્દોની અસર થઈ હોય તેમ ડૉ. અમથારામ બોલ્યાઃ "એ સાચું છે, મને નવું જીવન મળ્યું. નવો ઉપદેશ મળ્યો. રાધા-બહેન, તમારું દર્દ હું મટાડીશ, પણ તે પહેલાં તમે મારું દર્દ મીટાવ્યું તે માટે હું તમારો આભારી છું."

[૭]

શ્રી રણછોડજીના મન્દિરની આરતી સવાર–સાંજ ભક્તજનોના હૈયાંઓમાં ઉન્માદ જગાવતી. અસંખ્ય સ્ત્રીપુરુષો ટોળાબંધ આવતાં, મંદિરનાં પગથિયાં ભક્તિભાવે ચઢતાં અને નમનતાપૂર્વક શ્રી રણછોડરાયની મૂર્તિનાં વિવિધ પ્રસંગે વિવિધ દર્શન પામી રોજિન્દા કામમાં ભળી જતાં.

આ તો નિત્યક્રમ હતો. મારો પણ આ એક નિત્યક્રમ હતો. હું સવારમાં ઊઠી–પરવારી મંદિરે જતો. હું ડૉકટર છતાં મારામાં રહેલી ભક્તિથી ઘણાને આનંદ થતો તે હું જોઈ શકતો હતો. ઘણીક વખત દરદીઓને માટે આ પ્રસંગ મુલાકાતનું સ્થળ પણ બની જતો.

મંદિરથી હું ઘણે છેટે નહોતો તે વખતે અરવિંદ અને તેની માતાને પણ મેં મંદિર તરફ જતાં જોયાં. મને જોઈ તેઓ અટકયાં અને જયજય કર્યા. વળી થોડીક વાતો ડૉ. અમથારામ અંગે થઈ અને ભેદભાવ શા માટે?'–ની મહત્ત્વની ટૂંકી વાતો થઈ. અમે આગળ વધતાં જ હતાં ત્યાં અકસ્માત્ ડૉ. અમથારામ આવી ભળ્યા.

અમો સૌ આશ્ચર્ય પામ્યાં. અમે ત્રણ તો મંદિરમાં જતાં જ હતાં. તો ડૉ. અમથારામ અમારી સાથે શા માટે ન હોય? પણ તેમ કરવા જતાં મુશ્કેલી આવે કે ઉહાપોહ થાય તો?

મેં કહ્યું: "કેમ રાધાબહેન, શું ધારો છો? આપણી સાથે ડૉ. અમથારામ પણ મંદિરમાં દર્શન કરવા આવે તો કેવું સારું?"

રાધા: "જરૂર સરસ. વળી ડૉ. અમથારામ હરિજન છે એવો ખ્યાલ તો કોઈનેય નથી. તેઓ જરૂર આવે."

ડૉ. અમથારામ: "મને ત્યાં જ વાંધો છે. ચોરી છૂપીથી કે લોકોને છેતરીને મારે મંદિરમાં આવવાનો શો અર્થ? એમ મારો હેતુ નથી ફળવાનો. જ્યારે લોકો જાણે કે હું હરિજન છતાં જાણી જોઈને મારી પ્રતિભાના બળે મંદિરમાં પ્રવેશ્યો હતો ત્યારે મારી કિમ્મત પણ શી? મારે જનતાના હૃદય ઉપર બળજબરી કરવી નથી."

અરવિંદ: "બરાબર છે. ડૉ. સાહેબના અભિપ્રાય સાથે હું મળતો થાઉં છું. મંદિરમાં જ ઈશ્વર છે અને બીજે નથી એમ તમે શી રીતે કહો છો?"

મેં કહ્યું: "હરિજનો પણ હિંદુ છે, તો પછી મંદિર–પ્રવેશનો તેમનો અધિકાર જતો શા માટે કરવો જોઈએ?"

ડૉ. અમથરામ: "એવો અધિકાર પ્રાપ્ત કરવા જતાં જનતા અસૂયાથી સળગી ઊઠશે. એનો નતીજો સારો નહિ આવે. એ રસ્તે હરિજનો અને અ-હરિજનો એક નહિ થઈ શકે. મને લાગે છે કે, મારે એવા અધિકાર માટે લાગણીવશ થઈ જવાની જરૂર નથી."

રાધા: "છતાં તમે મંદિરમાં આવી દર્શન કરો તો મને કંઈ ખાસ ખોટું લાગતું નથી."

ડૉ. અમથારામ: "ચાલો, હું આવું છું. આવીશ પણ મંદિરપ્રવેશ નહિ કરું હું ધારું છું કે મારે આ મોકો ચૂકવા જેવો નથી. ચાલો."

અને બધા મંદિર તરફ ઊપડ્યા. આ બધા વાત કરતાં હતાં તે વખતે લોકોની આવજા ઘણી હતી. તેમણે લોકોનું ધ્યાન તો ખેંચ્યું જ હતું.

મંદિરનાં પગથિયાં ચઢતાં જ બૂટ કાઢી ડૉ. અમથારામ બાજુ ઉપર મૂર્તિનાં દર્શન થાય તેવી રીતે હાથ જોડી અટકી ગયા. પ્રભુનાં જ સાક્ષાત્ દર્શન કરતા હોય તે રીતે તેનાં દર્શનમાં તેઓ તલ્લીન થઈ ગયા.

ઘણા દિવસો ડૉ. અમથારામે મંદિરમાં દર્શન કરવા આવેલા જોઈ લોકોને જેટલી નવાઈ થઈ તેટલી જ નવાઈ મંદિર બહાર ઊભા રહી દર્શન કરવાથી થઈ હતી.

લોકો એકબીજાને પૂછપરછ કરી રહ્યા હતા. ઘણા માણસોને તેમની સારવારનો લાભ પણ મળ્યો હતો. સૌને તેમને માટે પ્રેમ હતો.

દર્શનાતુર જનતા મૂર્તિનાં દર્શન કરવાં ભૂલી ડૉ. અમથારામની

આ દર્શન પદ્ધતિથી આશ્ચર્ય પામી તે પદ્ધતિના દર્શનમાં જ ચકચૂર બની ગઈ. ડૉ. અમથારામ એક ચર્ચાનો વિષય થઈ પડયા.

દર્શનકાર્ય આટોપી લીધા પછી મારી તરફ અને બીજાઓ તરફ તેમની આંખો ઠરી. અમે તો હજુ ત્યાં જ હતાં. અમારે શું કરવું તે જ અમને સમજાતું નહોતું.

તેમની આંખો અમારા ઉપર પડતાં તેમણે અમને પૂછ્યુ: "દર્શન કર્યાં? ધારું છું કે તમે હજી અહીં જ ઊભાં છો. જાઓને? દર્શન કરી આવો."

"પણ તમારા વિના?"

"મેં દર્શન કર્યાં એ તમે જોયુંને?"

"અમે પણ એમ તો દર્શન કર્યાં જ છે.!"

"ના; મારો આગ્રહ છે કે તમે રોજની જેમ દર્શન કરી આવો. તમે જો એમ નહિ કરો તો હું અહીંથી ખસીશ જ નહિ."

અમે એમના દ્રઢ નિશ્ચયને પારખ્યો. ત્યાંથી ગયા. દર્શન પણ કર્યાં. ચિત્ત આજે કયાં હતું તે ખબર નથી. કદાચ સાચાં દર્શનની શોધમાં હશે.

અમે દર્શન કરી પાછા વળ્યા ત્યારે ડૉ. અમથારામની આસપાસ લોકોની મેદની જામી હતી. તેમણે લોકોને ત્યાં ઊભા રહી દર્શન કરવાં શા માટે પસંદ કર્યાં તેનું સાચું કારણ જણાવી દીધું હતું.

લોકોથી તે અસ્પૃશ્ય હતા તે સહ્યું જતું નહોતું. તેમને એ નવું જ્ઞાન નહોતું જોઇતું. તેમની સારવારથી તેમના આત્માને ટાઢક અને શાન્તિ વળી હતી. તેઓ તેમના પ્રશંસકો હતા.

પણ શું થાય? ડૉ. અમથારામ કશું જ છુપાવવા માગતા નહોતા. આજે તો તેમણે નવી ડાકટરી વિદ્યા શરૂ કરી દીધી હતી. લોકો આશ્ચર્ય પામતા હતા કે, આવી અનોખી વ્યકિત અસ્પૃશ્ય કેમ હોઇ શકે?

ડૉ. અમથારામ જનતાના આગ્રહથી છેવટે બોલ્યા:

', હવે મને અહીંથી જવા દો. મને માફ કરો. હું તમારા દિલને આઘાત કરી મંદિરપ્રવેશ કરું એ મને કેમ ગમે? હું જ્યાં છું ત્યાં બરાબર છું. હું એકલો મારાં બીજાં ભાંડુઓને છોડી તમારી સાથે ન ભળી શકું. હું મારી બીજી અસ્પૃશ્ય જનતાને દગો દેવા નથી ચાહતો. હું તેમને મારા જેવા જે દિવસે બનાવીશ તેજ દિવસે આપણે સૌ એક હોઈશું. આભાર!"

ડૉ. અમથારામ અને અમે ત્યાંથી આગળ ચાલ્યા. કોઈકે કહ્યું: "તો આમાં અસ્પૃશ્ય કોણ? આમાં હરિજન કોણ? અસ્પૃશ્ય તો આપણે છીએ કે આપણે બીજાઓને અસ્પૃશ્ય ગણીએ છીએ!

મંદિરમાં કોઈ ગાઈ રહ્યું હતું:-

"વૈષ્ણવ જન તો તો તેને કહીએ, જે પીડ પરાઇ જાણે રે
પર દુઃખે ઉપકાર કરે, તોયે મન અભિમાન ન આણે રે
સકળ લોકમાં સહુને વંદે, નિંદા તે ન કરે કેની રે
વાચ, કાછ, મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે
સમદષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે
જિહ્વા થકી અસત્ય ન બોલે, પર ધન ન ઝાલે હાથ રે
મોહમાયા વ્યાપે નહિ જેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે
વણલોભી ને કપટરહિત છે, કામક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ ઇકોતેર તાર્યાં રે"

[૮]

ડૉ. અમથારામ જનતામાં એક ચર્ચાના વિષયરૂપ બની જવા પામ્યા હતા. મારી નજર આગળ ન્યાતનો એ જમણવાર, મંછા ડોસી, અમથારામ અને ત્યાર બાદ અમથારામના જીવનમાં આવેલો અત્યારનો પલટો સરખામણીરૂપે વારંવાર ડોકિયાં કરી રહ્યો હતો.

દર્શન કરવા જવાની ઉતાવળમાં શેઠાણીની મોટરની હડફેટે ચઢી ગયેલો અમથારામ આજે ડૉ. અમથારામ હતો. આ જ અમથારામના દિલમાં એવી ઇચ્છા જાગ્યા કરતી હતી કે, જે હિંદુ જાતિ તેમને અન્યાય કરી રહી છે તેનો બદલો લેવો. એ બદલો લેવાને બદલે ડો. અમથારામ આજે પોતે હરિજન, એવો સ્પષ્ટ એકરાર કરી મંદિર પ્રવેશથી દૂર રહેવાનું પસંદ કરે છે! કેટલું આશ્ચર્ય!

લોકોમાં ડો. અમથારામનું આ વૈચિત્ર્ય જેમ હર્ષ ઉપજાવતું હતું તેમ કેટલાક હરીફ ડૉક્ટરોને મન આ પ્રસંગ અનુકૂળ મોકો હતો. એમણે લોકોને વૈષ્ણવ ધર્મની મહત્તા સમજાવી એક દિવસે, એ ડૉ. અમથારામ મંદિરપ્રવેશ કરશે જ એ હકીકત ઉપર ભાર મૂકી ચેતવા માટે સમજૂતી કરવા માંડી.

લોકો સામાન્ય રીતે પાગલ હોય છે. જો એમને તેમના જ માર્ગે જવા દેવામાં આવે તો તેઓ જલ્દી ન્યાયને માર્ગે આવી જાય છે. પરંતુ કેટલીક વખતે ભણેલાય છબરડો વાળે છે. પોતાના સ્વાર્થને માટે ધર્મનું ઓઠું આગળ ધરી લોકોને ધર્મઘેલા કરવાની તેમની યુક્તિ ઘણી વખત ફાવી જાય છે. ડો. અમથારામ વિરૂદ્ધ નાના પ્રમાણમાં પણ ઉહાપોહ નહોતો તેને સ્થાન આખરે મળી ગયું.

ગામ હોય ત્યાં ઢેડવાડો હોય છે જ. લોકોમાં એવા કેટલાક માણસો હોય છે કે, જેઓ પૈસાની ખાતર કોઇ પણ અપકૃત્ય કરતાં અચકાતા નથી.

એક વખતે ડો. અમથારામ ભર ઊંઘમાં હતો તે વખતે તેમના નિવાસસ્થાને ઘંટડી બજી. વિઝિટ માટેનો આ ક્રમ હતો અને તે પ્રમાણે ડાકટર જાગતાં એક મુકરર જગાએ જવા તેઓ તૈયાર થઇ ગયા.

બે મજબૂત માણસો એમની સાથે હતા. ગાડી પણ તૈયાર હતી. પ્રસૂતિથી પીડાતી બાઇની સારવારની તાત્કાલિક જરૂર હતી અને એવા કામમાં ઢીલ પોષાય જ નહિ.

ગાડી ઉપડી ચૂકી હતી અને ગામથી થોડેક દૂર આવતાં વૃક્ષઘટા આગળ ગાડી થોભી. ડૉક્ટરને ત્યાં ઉતરવા માટે વિનંતી થઈ. ડૉક્ટરે નીચે ઊતરી આગળ ચાલવા માંડ્યું.

એકાએક માથા ઉપર ડૉક્ટરને એક લાઠી પડી. જેનો લગીરે ખ્યાલ નહિ એવું આ શું થયું તે ડૉક્ટર સમજે તે પહેલાં તેમને તમ્મર આવી અને તે નીચે ઢળી પડ્યા. ડૉક્ટર બેભાન બન્યા હતા તો પણ તેમને ભાનમાં આવતાં ઘણી વાર લાગી નહિ. એકદમ બેભાન થવાથી વધારે લાઠીના મારના ભોગમાંથી બચી જવાયું

જ્યારે સંપૂર્ણ જાગૃતિ આવી ત્યારે તેમણે આસપાસ જોયું તો કોઈ જ દેખાયું નહિ. માથામાંથી લોહી વહી રહ્યું હતું. તેની સાર-વારની તાત્કાલિક જરૂર પણ હતી.

આ વખતે પરોઢ થઈ રહ્યું હતું. સૂર્યનાં કિરણો પૃથ્વી ઉપર આવવાને માટે ડોકિયાં કરી રહ્યાં હતાં. સવારમાં ફરવા જવાનો આ મારો કાર્યક્રમ હતો. પાછા ફરતાં કોઈક નીચે ઢળી પડેલું છે એમ મેં જોયું. હું પાસે ગયો અને મારી અજાયબી વચ્ચે ડાક્ટરને જ જોયા.

બધી વાત સાંભળી લીધી. શી હકીકત હશે તે કળી લીધું. કશાં જ પગલાં નહિ લેવાના નિશ્ચયથી તે ઊઠ્યા અને મારા ટેકે તેઓ થોડુંક ચાલ્યા. ગાડી મળતાં તેમાં તેમને બેસાડી દવાખાને લઈ જઈ સારવાર કરવામાં આવી.

પછી તો આ વાત વાયુવેગે લોકોમાં પ્રસરી. જેમને ડૉ. અમથારામની જાત માટે કશી જ માહિતી નહોતી તેમને પણ તે જાહેર થયું. લોકો વિચારવા લાગ્યા કે તો ડૉ. અમથારામ ખ્રિસ્તી શાથી નથી? એમને મન એક મોટું આશ્ચર્ય હતું.

હિંદુ સંસ્કારમાં જાતભેદને જે સ્થાન છે તેનું મહત્ત્વ મ. ગાંધીજીની ચળવળને લીધે ભલે ઘટ્યું હોય, છતાં નિર્મૂળ તો નથી જ થયું. આજેજ એવાં અનન્ત ગામડાં છે જ્યાં હરિજન કે અસ્પૃશ્ય

જાતિ મુસ્લિમ કે ખ્રિસ્તી થઈ તેમના ઉપર જોહૂકમી કરે કે અત્યાચાર આદરે તે તેમનાથી સહ્યું જાય છે; પરંતુ હરિજન હરિજન જ રહે અને હિંદુ જાતિમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરે એ બને જ કેમ?

હિંદુઓમાંથી જ અનેક મુસ્લિમો છે. હિંદુઓમાંથી જ ખ્રિસ્તીઓ છે અને હિંદુઓમાંથી જ અનેક વિધર્મીઓ છે. આટલું છતાં હિંદુઓને મન તેના વિષે કશી જ ચિંતા નથી. તે તો એમ માને છે કે, જેમને હિંદુ ધર્મનું વૈશિષ્ટ્ય પચ્યું છે તેઓ જ પ્રતિકૂળ વાતાવરણમાં પણ ટકશે અને જીવશે. એમની આગળ મુસ્લિમ યુગ ખડો છે. જે યુગમાં હિંદુઓની કસોટી થઈ છે, જે યુગમાં નરરત્ન શિવાજી પાક્યા છે અને પ્રતાપ જેવાની અનોખી ટેકનો જ્વલંત ઇતિહાસ છે તે યુગની કેટલીયે વાતો આપણે જાણીએ છીએ. ભૂતકાળના આવા જ્વલંત ઇતિહાસની કેવળ રાખ ઉપર જ આજની જનતા જીવવા માગે છે અને પોતાની જવાબદારી જાણે કશી જ નથી એમ ભુતકાળની વાતો કરી તે ખંખેરી નાંખે છે.

ડૉ. અમથારામનો હૃદયપલટો કંઇક આવી જ જાતનો હતો. માથા ઉપર જે માર પડ્યો હતો તે સામાન્ય નહોતો. તેમણે ધાર્યું હોત તો હૂમલાખોરોને પકડી મૂળ તોફાનીઓને પણ નસ્યત પહોંચાડી હોત. આ બધું તેમને નહોતું કરવું. તેમનામાં વિચાર ક્રાન્તિ કામ કરી રહી હતી.

ધર્માન્તર તો તેમને મૂળથી જ નાપસંદ હતો. પ્રત્યેક ધર્મમાં એવા સિદ્ધાંત તો જરૂર છે કે જેમાંથી માણસ ધારે તો ચિત્ત શાન્તિ મેળવી શકે છે. ધર્મ શાન્તિ સ્થાપવા માટે છે–કલહ માટે નહિ અને જો દિલ આ દિશાએ વળ્યું હોય તો પછી તે ગમે તે ધર્મનો અનુયાયી હોય તેમાં શું?

'સેવા' ની સુશ્રૂષામાંથી ડૉક્ટરે આ મત કેળવ્યો હતો. દુશ્મનનું પણ ભલું થાઓ એ અંતરના આશીર્વાદ એમણે પથારીમાં બેઠાં બેઠાં

આપ્યા. મહાત્માઓ અમુક કોમમાંથી જ પાકે છે એવું કાંઈ નથી. વૈષ્ણવ ધર્મમાં પણ મુસ્લિમ શિષ્ય હતો. વૈષ્ણવોને દિશા સૂચનરૂપ આ શિષ્યનો ઉલ્લેખ ગણી શકાય."

જો આમ જ છે તો દરેક કોમ પોતાની કોમને જ વિશિષ્ટતા મળે એવું કૃત્ય અને આચરણ શા માટે ન રાખે ? જે નામથી કોમ શરમાતી હોય તે નામ સૌને આકર્ષક અને ઉલ્લેખનીય બને એવું શા માટે ન કરવું ?

જ્યારે ડૉકટરને સંપૂર્ણ આરામ થયો ત્યારે તેમને અપનાવી લેવા ઘણા આગળ આવ્યા. આર્ય ધર્માનુયાયીઓ આવી વ્યક્તિઓને પોતાની બનાવવા માટે હમેશાં તૈયાર હોય છે.

પણ ડાકટરે તો એક જ વાત સૌને જણાવી. પોતે જે છે તે રહેશે અને તે સૌની સેવા કરવામાં જ રસ ધરાવશે.

[૯]

મિશન હૉસ્પિટલમાંથી પોતે છૂટા થઈ, પોતાનું જ નવું દવાખાનું જુદી જ દૃષ્ટિએ શરૂ કર્યું. જેમનામાં મતસહિષ્ણુતા હોય તેમને તેમ જ જેઓ મતસહિષ્ણુ ન હોય તેવાઓને પણ આ નવા દવાખાનામાં સ્થાન મળી રહે એવી વ્યવસ્થા રાખવામાં આવી હતી. એનું નામ '**હિન્દુ હૉસ્પિટલ**' રાખવામાં આવ્યું.

આ હૉસ્પિટલને એક વિશાળ ક્ષેત્ર ઉપર ઊભી કરવામાં આવી. ડૉકટર પોતે પણ તેમાં એક આજીવન સેવક હતા. હું પણ આમાં જ જોડાઈ ગયો હતો. પેલાં રાધાબ્હેન અને યુવક અરવિંદ પણ અહીં હતાં. આટલું જ નહિ પણ જે સંગતલાલ શેઠના પુત્રના લગ્નની ન્યાત માણવા હું ગયો હતો તે શેઠને પણ આ કાર્યમાં ભેળવ્યા હતા. અનેક ધનિકોનાં કિંમતી દાન વડે આ 'હિન્દુ હૉસ્પિટલ' સ્થાપવામાં આવી હતી.

આના મુખ્યાધિકારી ડૉ. અમથારામ છતાં તેમણે વહેંચણી જ એવી કરી દીધી હતી કે સૌ સૌને માથે જવાબદારી હતી.

પરિચારિકાઓ, નર્સો, દરદીઓ અને ડૉકટરોને રહેવાને માટે પણ અહીં ગોઠવણ કરવામાં આવી હતી. દરેકને માથે સામાન્ય રીતે છ કલાકની ડ્યુટી રાખવામાં આવી હતી; છતાં તેઓ ૨૪ કલાકને માટે અહીં સેવા આપવા બંધાયેલા હતા. નોકરીની ખાતર નોકરી કરનારને અહીં સ્થાન નહોતું; પરંતુ જેના દિલમાં તમન્ના જાગી હોય તેવાને જ સ્થાન મળી શકતું હતું.

અસ્પૃશ્યવિભાગ જુદો જ હતો. કોઈપણ જ્ઞાતિનાં સજ્જન કે સન્નારીને જરા ય દુઃખ ન થાય તેવી રીતે દરેક વૉર્ડમાં અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. હરિજનો માટે અલાયદી જ વ્યવસ્થા રાખી હતી અને તે અત્યુત્તમ હતી. આટલું છતાં જેમને હરિજન વૉર્ડમાં જવું હોય તેમને હરકત પણ નહોતી.

બ્રાહ્મણ રસોઇયા, બ્રાહ્મણ નોકરો અને બ્રાહ્મણ વ્યવસ્થાપકો પણ હતા; પરંતુ તેઓ બ્રાહ્મણ હોવાને કારણે સ્થાન ન જ મેળવી શકતા. દરેકને ઓછામાં ઓછો પગાર આપવાને બદલે દરેકને યોગ્યતા પ્રમાણે સારામાં સારો પગાર આપવામાં આવતો. કોઈ દિવસ દિલ ચોરે છે કે કેમ, એની ખાસ તપાસ રાખવામાં આવતી.

આયુર્વેદને પણ આ દવાખાનામાં વિશિષ્ટ સ્થાન હતું. તેને વધારેમાં વધારે ઉત્તેજન મળે એવી વ્યવસ્થા હતી. વળી નિષ્ણાત તથા ભાવનાશાળી ડૉકટરો અને વૈદ્યો તૈયાર થાય તે માટેની શિક્ષણ-સંસ્થા પણ ઊભી કરવામાં આવી હતી.

એક નવું જ ગામ હોય તેટલી વિશાળ જગ્યા ઉપર ઊભું થયેલું આ દવાખાનું એક ચમત્કારી અને યાત્રાનું સ્થળ બની જવા પામ્યું હતું.

વર્ષો વહેવાની સાથે સ્ત્રીઓ જ નર્સો થઈ શકે એ ભાવના કમી થઈ અને પુરુષોને પણ એ કામની તાલીમ આપવામાં આવી અને પુરુષોના વોર્ડોમાં પુરુષ નર્સોને સ્થાન આપવામાં આવવા લાગ્યું.

આ એક અખતરો હતો અને એ અખતરો સફળ થતાં એક નવો અખતરો પણ અજમાવવામાં આવ્યો. સ્ત્રીઓનાં દર્દોને પૂરો ન્યાય મળી શકે એવાં સ્ત્રી-ડૉકટરો પણ તૈયાર કરવામાં આવ્યાં.

ગમે તેટલા પુરુષ-ડૉકટરો સ્ત્રીદરદોમાં હોંશિયાર થાય તો પણ સ્ત્રીઓને ન્યાય આપવા માટે સ્ત્રી-ડૉકટરોની જરૂરિયાત ઉપર ડૉ. અમથારામ ભાર મૂકતા. વળી સ્ત્રીઓનાં ગુપ્તરોગો તપાસવા માટે પણ પુરુષ-ડૉકટરોની મદદ લેવી પડે એ એમનાથી સહ્યું જતું નહિ.

સામાન્ય દરદોમાં આયુર્વેદની મદદ લેતાં લેતાં તેના પ્રયોગો આગળ વધારવામાં આવ્યા. જેમ જેમ સફળતા મળતી ગઈ તેમતેમ તેમના ઉત્સાહમાં ઓર ભરતી ઉમેરાતી ગઈ.

વર્ષોના વહેવાની સાથે 'હિન્દુ હૉસ્પિટલ'નો વિસ્તાર ચોમેર વધી પડ્યો અને આ નામ કાયમ છતાં મુસ્લિમ અને બીજાઓને પણ અહીં દાખલ કરવામાં આવતા. તેમને માટે ખાસ જુદો વિભાગ રાખવામાં આવ્યો હતો.

દાકતરોની આકરી ફીથી ગરીબ દરદીઓ સારા દાક્તરોનો લાભ લઈ શકતા નથી, એનો એમને ખ્યાલ હતો અને એથી જ હરિજન તથા ગરીબ જનતા માટે ફી જેવું ખાસ રાખવામાં આવ્યું જ નહોતું. તવંગર હોય કે ગરીબ હોય તેવો તફાવત અહીં દેખાતો જ નહિ. સૌને સારામાં સારી સારવાર મળે એ જ ભાવના અહીં મહત્ત્વની અને કિંમતી હતી.

પશ્ચિમની ડાકટરી પદ્ધતિમાં જેમ લાભો રહેલા છે તેમ નુકશાન પણ રહેલ છે, એવી એમની માન્યતા હતી. દરેકમાં આ સ્થિતિ

રહેલી જ છે એમ એમનું બીજું માનવું હતું. પરંતુ અંગ્રેજી વિદ્વાનો સંપર્કમાં આવ્યા પછી એ દેશમાંથી અને એ દિશામાંથી વહેતું જ્ઞાન સર્વોપરિ જ છે, એમ થયેલી આપણી રૂઢ માન્યતા સદંતર ખોટી છે. એમાં અપૂર્ણતાઓ પણ ઘણી છે; આ એમનો અભ્યાસ એમને આયુર્વેદમાં રસ લેતો બનાવી રહ્યો હતો.

પોતે હરિજન છે, અસ્પૃશ્ય છે, એ કદી ભૂલતા નહિ. એ રીતે જ રહેવાનો એમનો પ્રયત્ન રહેતો. આ એમનો પ્રયત્ન છતાં જનતા એમને એક મહાત્મા રૂપે અંતરથી પૂજતી બની હતી. હરિજનકોમના એ જાણે ઉદ્ધારક જ ન હોય એમ લાગ્યા કરતું.

ધીરેધીરે એમને મંદિરોની આવશ્યકતા પણ જણાઈ. જેમ કવિતા મોઢે કરવા માટે પુસ્તકોની જરૂર વિદ્યાર્થીઓને રહે છે, તેમ ઈશ્વરનું સાક્ષાત્ દર્શન ન હોય ત્યાં સુધી વિદ્યાર્થી-અવસ્થા ભોગવતા કેટલાક ભક્તજનો માટે મંદિરો જરૂરી જણાવાં. તેમણે તેમના દવાખાનાના વિશાળ કંપાઉન્ડમાં એ રહેલી ઊણપ પણ પૂરી દીધી.

હરિજનો માટે જુદા જ મંદિરની સ્થાપના કરી. અ-હરિજનો આ મંદિરે પણ આવતા; પરંતુ તેમને માટે કોઈ જ પ્રતિબંધ નહોતો.

વધારે આશ્ચર્યની બીના હવે આવે છે. એક સાંકડા વિસ્તાર ઉપર પથરાયેલું આ દવાખાનું એક નાનાશા શહેર જેવું બન્યું હતું. સુઘડ અને સુંદર રાજમાર્ગો હતા. પુસ્તકાલયો હતાં અને નિશાળો પણ હતી. મંદિરો તો હમણાં જ ઊભાં થયાં હતાં. તો મુસ્લિમોની જ્યાં વસતિ હતી. ત્યાં એક નાની શી મસ્જિદ શા માટે નહિ? એ મસ્જિદ પણ બની અને ખ્રિસ્તીઓનું દેવળ પણ બન્યું. જૈનોનું મંદિર પણ બન્યું.

આ સ્થિતિ ઘણી જ. આકર્ષક અને સાથે જ ચર્ચાસ્પદ પણ બની રહી; પરંતુ ટૂંક સમયમાં જ સર્વ ધર્મમંદિરનું સર્જન થયું. અહીં કોઇ વિશિષ્ટ ધર્મ નહોતો; પરંતુ દરેક ધર્મીનું એક મંડળ યોજવામાં આવ્યું હતું. એમાં જેમને કોઈપણ ધર્મ કે કોમનો બાધ ન આવે તેમનો સભ્ય તરીકે સત્કાર થતો હતો.

અને ટૂંક સમયમાં જ આ સ્થળ બધા સ્થાનકો કરતાં વધુ મહત્ત્વનું બની ગયું. આ સ્થળે જે હતું તે કોઈ પણ સ્થળે નહોતું. અહીં પુસ્તકાલય હતું, ચર્ચાસ્થાન હતું, વિનોદ ભાગની પણ યોજના કરવામાં આવી હતી અને આ દવાખાનાને લોકપ્રિય કેમ બનાવી શકાય તેની જ વાતો અને ચર્ચાઓ થતી.

ડૉ. અમથારામને આમ થતો જતો વિકાસ જોઈને ઘણો જ હર્ષ થયો. તેમના જીવનનાં વર્ષો પૂર ઝડપથી વહી રહ્યાં હતાં. તેમને માથે જે જવાબદારી હતી તે આસ્તે આસ્તે નવલોહિયાઓને માથે મૂકવામાં આવી. તેમણે સેવાધર્મની આપેલી દીક્ષા જ મોટો ધર્મ હતો. ધર્મને નામે કોઇપણ ઝઘડો જરાય ઉત્પન્ન થવા ન પામે એ એમના જીવનની મહેચ્છા હતી. એ પાર પડે તેમ આખા જીવનમાં ભાવનાઓ ઘડયા જ કરી હતી. એમને પ્રમાણમાં થાક પણ ઠીક ઠીક લાગ્યો હતો. છતાં એ થાકમાં કંટાળો નહોતો, પણ ઉત્સાહ અને જયાનંદ હતો. એમણે એથી જ પોતાની જવાબદારી ઊગતી પ્રજાને માથે ધીરે ધીરે મૂકવા માંડી. એથી એમને પરમ સંતોષ થયેલો વાંચી શકાતો હતો.

શ્રી રામકૃષ્ણ સેવાસમિતિ, અમદાવાદ.

૧. રૂપીઆ એકહજાર આપનાર ગૃહસ્થ આ સંસ્થાના આશ્રયદાતા (Patron) ગણાશે.

૨. રૂપીઆ પાંચસો આપનાર ગૃહસ્થ (Donor) મુરબ્બી ગણાશે.

૩. રૂપીઆ સો આપનાર ગૃહસ્થ આ જીવન સભ્ય (Life member) ગણાશે.

૪. દર વર્ષે રૂપીઆ પાંચ આપનાર ગૃહસ્થ સામાન્ય સભ્ય (ordinary member) ગણાશે.

૫. કોઈપણ વ્યક્તિ આ સંસ્થાના નિયમો મુજબ પોતાની સેવા સંસ્થાની કોઈપણ પ્રવૃત્તિમાં આપશે તે સેવાશ્રમી સભ્ય ગણાશે-

૬. કોઈપણ પેઢી અથવા સંયુક્ત કુટુંબ તરફથી ઉપર પ્રમાણેની રકમ મળી હશે તો તેના એક નિયત પ્રતિનિધિને જ મત આપવાનો અધિકાર રહેશે.

આપ કોઈપણ પ્રકારના સભ્ય બની સમિતિને સહાય કરો.

કેટલાક મનન કરવા જેવાં પુસ્તકો

	કિંમત
૧. જ્ઞાનયોગી ચંદુભાઈ	૩—૦—૦
૨. જ્ઞાનયોગી ચંદુભાઈ સાથેનો આધ્યાત્મ વાર્તાલાપ	૩—૦—૦
૩ શ્રી રામકૃષ્ણ વાર્તાલાપ (૧)	૦—૬—૦
૪. ,, ,, ,, (૨)	૨—૦—૦
૫. શ્રી રામકૃષ્ણ કથામૃત (૫)	૨—૦—૦
૬. શ્રી રામકૃષ્ણ ઉપદેશ	૦—૫—૦
૭. તત્ત્વચિંતન (જેમ્સ એલન કૃત)	૨—૮—૦
૮. દુનિયાની દુગ્ધાથી દૂર (,,)	૦ ૮—૦
૯. ધન્યજીવન (,,)	૦ ૮—૦
૧૦. કરણી તેવી પાર ઉતરણી (,,)	૦ ૬—૦
૧૧. માતૃદર્શન (શ્રી આનંદમયી માતાજીનો પરિચય)	૧ ૦-૦
૧૨. શ્રી માતૃસદ્વાણી	૧ ૦ ૦
૧૩. સ્વા વિવેકાનંદ (જીવન ચરિત્ર)	૧—૪ ૦
૧૪. શ્રી રામચંદ્ર દત્ત ને ન.ગ મહાશય	૧—૦ ૦
૧૫. દત્ત અને પરશુરામ	૨-૦-૦
૧૬ શ્રી ગિરીશચંદ્ર	૦-૬ ૦
૧૭ શ્રી શારદામણિદેવી	૦ ૮ ૦
૧૮. બાળકોના વિવેકાનંદ	૦—૪—૦
૧૯. કિશોરોના રામકૃષ્ણ	૦ ૬ ૦
૨૦ ,, રામતીર્થ	૦ ૪-૦
૨૧. શ્રી શ્રી બાબા ગંભીરનાથ	૧—૪-૦
૨૨. સ્વા. રામતીર્થ ટૂંકું જીવન ચરિત્ર અને ઉપદેશ	૦—૮—૦
૨૩. શ્રી ગૌરાંગ મહાપ્રભુ	૦—૮—૦
૨૪. બહેનોને હૃદયનો સદેશો	૦—૩—૦

મળવાનું ઠેકાણું, શ્રી રામકૃષ્ણ સેવાસમિતિ, અમદાવાદ.